SHREE KUTCH VISA SHRIMALI OSWAL GURJAR JAIN GNATISAMAJ, MUMBAI
Public Trust Regn. No. A-2215 (B)

Air Conditioned Banquet Hall & Conference Hall with Modern Facilities For Wedding / Parties
Sumati Gurjar Bhavan, 12/13 Swastik Park, Chembur, Mumbai - 400 071.
T : 2524 4704 • E : kvsomumbai@yahoo.co.in

તા. ૦૧-૦૨-૨૦૨૦

# ગ્રુપ મેડીક્લેમ ઈન્સ્યુરન્સ સ્કીમ

**શ્રી કચ્છ વીસા શ્રીમાળી ઓસવાળ ગુર્જર જૈન જ્ઞાતિ સમાજ, મુંબઈ** તરફથી ચાલતી અનેક કલ્યાણકારી યોજનાઓમાંથી એક એવી યોજના 'ગ્રુપ મેડીક્લેઈમ ઈન્સ્યુરન્સ સ્કીમ' છે.

આર્થિક રીતે સાધારણ પરિવારોમાંથી કોઈ બીમાર પડે ત્યારે આજની ખર્ચાળ તબીબી સારવાર ખર્ચને પહોંચી વળવું તેમના માટે અશક્ય બની રહે છે. આવા મુશ્કેલીના સમયમાં તેમને મદદરૂપ થવા **એપ્રિલ ૨૦૦૮** થી આ યોજના અસ્તિત્વમાં આવી. આ યોજનામાં જરૂરિયાતમંદ કુટુંબોને રૂા. ૧,૦૦,૦૦૦/- (એક લાખ) નું મેડીક્લેમ છત્ર પુરૂં પાડવામાં આવે છે અને આ મેડીક્લેમનું પ્રીમીયમ આપણો સમાજ ભરે છે. વર્ષ ૨૦૧૯/૨૦૨૦ માં ૨૨૩ કુટુંબ (૬૫૧ વ્યક્તિઓએ) આ પોલીસીનો લાભ લીધેલ છે. આ પોલીસી ૩૦-૦૩-૨૦૨૦ ના પૂરી થાય છે જેથી રીન્યુઅલ માટે લાભ લેનાર દરેક કુટુંબને ફોર્મ મોકલવામાં આવશે. કોઈ અનિવાર્ય સંજોગોમાં ફોર્મ ન મળે તો સમાજની ચેમ્બુર ઓફિસેથી ફોર્મ મેળવી લેવાના રહેશે. આ યોજનામાં નવા જરૂરિયાતમંદ સભ્યો જોડાવા ઈચ્છતા હોય તો તેમણે પણ સમાજની ઓફિસેથી ફોર્મ મેળવી લેવાના રહેશે. ઓફિસમાં ફોન કરી પૂરૂં સરનામું આપશો તો કુરીયરથી ફોર્મ મોકલવાની કોશિશ કરશું. જે કુટુંબ સ્વખર્ચે પ્રીમીયમ ભરીને આ મેડીક્લેમ પોલીસીમાં જોડાવા ઈચ્છતા હોય તેમને અને સિનિયર સિટીઝન જેમનું મેડીક્લેમ બીજે ન નીકળતું હોય તેમને **સ્વખર્ચે શક્ય હશે** તો આ સ્કીમમાં આવરી લેવાનો પ્રયાસ કરશું પણ પોલીસી કુટુંબદીઠ એક લાખ સુધી મર્યાદિત રહેશે. **(આ ફોર્મ આપણા સમાજની વેબસાઈટ www.kvso.in ઉપરથી પણ ડાઊનલોડ થઈ શકશે.)**

ફોર્મમાં સંપૂર્ણ વિગત ઈંગ્લીશ-કેપીટલ-સ્વચ્છ અક્ષરે, છેક-છાક વગર ભરવાની રહેશે. ફોર્મ ૨૮-૦૨-૨૦૨૦ સુધીમાં સમાજની ચેમ્બુર ઓફિસે મોકલવાના રહેશે તથા વ્યક્તિદીઠ ટોકન રૂા. ૧૦૦/- ભરવાના રહેશે.

છેલ્લા ૧૧ વર્ષથી ચાલતી આ યોજનાને પૂરજોશમાં ધબકતી રાખવા દરેક સહયોગીઓનો ખુબખુબ આભાર.

## વર્ષ ૨૦૧૯-૨૦૨૦ ના દિલેર દાતા નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧. | શ્રી સુમતીચંદ્ર હેમચંદ ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ | (એક લાખ) રૂા. ૧,૦૦,૦૦૦/- |

## શ્રી કચ્છ ગુર્જર જૈન કલ્યાણ ટ્રસ્ટ માં વર્ષ ૨૦૧૯ - ૨૦૨૦ નાં દિલેર દાતા નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧. | સ્વ. હરિલાલ પરશોત્તમ ઓધવજી શાહ ના સ્મરણાર્થે હ. હસમુખ હરિલાલ શાહ અને સુરેશ હરિલાલ શાહ, ભુજ | (એક લાખ અગિયાર હજાર એકસો અગિયાર) રૂા. ૧,૧૧,૧૧૧ /- |
| ૨. | માતુશ્રી રમીલાબેન નગીનલાલ વોરા પરિવાર, ભુજ હાલે ઘાટકોપર | (એક લાખ) રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૩. | માતુશ્રી રંજનબેન ભુપેન્દ્ર વોરા પરિવાર, અંજાર હાલે ભાંડુપ | (એક લાખ) રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૪. | માતુશ્રી વાસંતીબેન પુનમચંદ શાહ પરિવાર, ભુજ હાલે વડાલા | (એક લાખ) રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૫. | શ્રી વિનોદ વૃજલાલ દોશી, મુંદ્રા, હાલે વાલકેશ્વર | (એક લાખ) રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૬. | શ્રીમતી મીનાબેન પ્રકાશ શાહ, મુંદ્રા, હાલે જુહુ | (એક લાખ) રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ૭. | શ્રીમતી શીતલબેન નરેન્દ્ર ગાંધી પરિવાર, અંજાર હાલે અંધેરી | (એકાવન હજાર) રૂા. ૫૧,૦૦૦/- |
| ૮. | શ્રી ધીરજ કરસનજી મહેતા, ગોધરા હાલે ઘાટકોપર | (પચાસ હજાર) રૂા. ૫૦,૦૦૦/- |
| ૯. | શ્રી ઝવેરીલાલ અનોપચંદ શાહ પરિવાર, ભુજ હાલે નવી મુંબઈ | (પચાસ હજાર) રૂા. ૫૦,૦૦૦/- |

ઉદાર હાથે ફાળો આપનાર આ સર્વે દાતા પરિવારનો સમાજ આભાર માને છે. દર વર્ષે પ્રીમીયમની રકમમાં વધારો થતો જાય છે. જેમને આ યોજનામાં લાભ લેવાની ઈચ્છા હોય તેઓ રૂા. ૫૦,૦૦૦/- (પચાસ હજાર) અથવા એનાથી વધારે લખાવી શકે છે.

**શ્રી સંદિપ નગીનલાલ વોરા ''ગ્રુપ મેડિક્લેમ સમિતિ''** ના કન્વીનર તરીકે બહુજ સુંદર અને સારી રીતે સંચાલન કરી રહ્યા છે.

## ખાસ નોંધ:

૧. જે કુટુંબના બધા સભ્યોની કુલ વાર્ષિક આવક રૂા. ૨,૬૦,૦૦૦ સુધી હશે તેવા જ સભ્યો આ યોજનામાં ભાગ લઈ શકશે.
૨. આ યોજના શ્રી કચ્છ વીસા શ્રીમાળી ઓસવાળ ગુર્જર જૈન જ્ઞાતિસમાજ, મુંબઈ ના સભ્યો માટે છે.



## GROUP MEDICLAIM INSURANCE COMMITTEE

Convener : Sandip Naginlal Vora Mob.: 9821046730 (4pm to 10pm)

Mulchand Keshavlal Sanghvi
Mob.: 92234 33661

Mahendra Karamchand Mehta
Mob.: 93248 25615

Paresh Mohanlal Vora
Mob.: 98200 89746

Mahesh Liladhar Mehta
Mob.: 98200 35493

Sheetal Narendra Gandhi (Special Invitation)
Mob.: 98339 46828